# રોશનીમય સરોવર

– શૈલેષ કે. રાયચુરા

એક સુંદર મજાનું સરોવર હતું. તે સરોવરમાં રંગ–બે–રંગી કમળો, હંસો, બતકો, જળકૂકડીઓ, બગલાઓ, કાચબાઓ વગેરે રહેતાં હતાં.

જેમ જેમ રાષ્ટ્રીય તહેવારો, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી નજીક આવતા ગયા તેમ તેમ તે સરોવરમાં રહેતાં કમળો, જળ પક્ષીઓના ચહેરા ઉપર રોશની પ્રસરી ગઈ. તેઓએ ભેગા મળીને નક્કી કર્યું હતું, કે આ સાલ આ સરોવરને રોશનીથી ભરી જ દેવું છે, અને સારા ઉચ્ચ, ઉમદા વિચારો વર્તનથી નવા વર્ષને પ્રેમપૂર્વક આવકારવું જ છે.

બસ, ખલાસ ! તે સરોવરને ચારે તરફથી રોશનીથી શણગારવાની કાર્યવાહીમાં હંસો, બતકો વગેરે લાગી ગયાં. જ્યારે રંગ–બે–રંગી હંસ, કમળો તે સરોવરને શુદ્ધ, ચોખ્ખું–ચણક કરવાની કાર્યવાહીમાં લાગી ગયાં. તો કાચબા, કરચલા વગેરે સરોવર ઉપર આકર્ષક સૂત્રો, બેનરો લગાવવાની તૈયારીમાં પડી ગયાં. તે બેનરો, સૂત્રોમાં આકર્ષક ઉપયોગી લખાણો હતાં. જેમ કે (૧) સરોવરના નીરને શુદ્ધ રાખો. (૨) સરોવરમાં ગંદકી ફેલાવવી નહીં. (૩) સરોવરના કાંઠા ઉપર કદંબનાં વૃક્ષ, લીમડા, પીપળાનાં વૃક્ષો વગેરે ઉગાડી પર્યાવરણની જાળવણી કરવી. (૪) જીવનમાં આધુનિક ટેકનોલોજીનો વધુ ને વધુ ઉપયોગ કરવો વગેરે.

આમ, તે સુંદર સરોવર ધનતેરસના દિવસે પૂર્ણ રીતે શણગારાઈ ગયું અને...ખરેખર તે સરોવર આકર્ષક સૂત્રો, બેનરો, રોશનીથી ઝગમગી જ ઊઠ્યું હોં! અંધકારના ઓળા પૃથ્વી ઉપર ઊતરી



આવ્યા. તે સાથે જ આકાશમાં આભલાઓ પણ ચમકવા લાગ્યા. આ તરફ રંગ–બે–રંગી કમળો, હંસો, બતકો વગેરે લક્ષ્મીપૂજન, અર્ચન કરવા લાગ્યા. તેઓએ નક્કી કર્યું હતું કે, આ સાલ ફટાકડા બિલકુલ ફોડવા નહીં અને તે ફટાકડાના ખર્ચનાં બચેલ નાણામાંથી સારાં સારાં ઉચ્ચ, ઉમદા, સંસ્કારસિંચન કરતાં પુસ્તકોની ખરીદી કરી તે પુસ્તકો દરેકે વાંચવાનો લાભ લેવો.

બીજા અને ત્રીજા દિવસે કાળીચૌદશ, દિવાળીના તહેવારો ઉપર પણ સરોવરને આધુનિક, પૂર્ણકળાએ ઝબકતી રોશની કરવામાં આવી. નીત નવાં કપડાં, મીઠાઈઓ બાંટવામાં આવી. આખી રાત તેઓએ દિવાળીનો ઉત્સવ મનાવ્યો. રંગોળીઓ કરી, સુશોભનો લોફટ ઊભા કર્યા વગેરે.

અને....નૂતનવર્ષનાં દિવસનો સૂર્ય ઊગતાં જ તે બધાં રંગ–બે–રંગી કમળો, રાજહંસો, બતકો, કાચબાઓ વગેરે આધુનિક ડિઝાઈનનાં કપડાં પહેરી એકબીજાને સાલમુબારક કરવા માટે ઊમટી પડયાં. નવા વિચારો સંકલ્પો હવામાં ગુંજવા લાગ્યા. આવું અદ્‌ભુત પ્રેમ, સ્નેહભર્યું વાતાવરણ જોઈ તે સુંદર સરોવર પણ આનંદિત થઈ ડોલવા, કૂદવા અને હરખાવા લાગ્યું.

તો મિત્રો, તમો પણ રાષ્ટ્રીય પર્વોની શાનદાર ઉજવણી જરૂરથી **કરજો**,પરંતુ પર્યાવરણ**ના**, ભોગે તો નહીં જ હોં. કેમ, બરોબરને ?

■